# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ 2026ની બીજી આવૃત્તિ આજે નવી દિલ્હીમાં શરૂ થશે

2) જમ્મુ અને કાશ્મીરને આતંકવાદ મુક્ત કરવાના લક્ષ્ય માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ હોવાનું જણાવતા કેન્દ્રીય ગૃહમંત્રી.

3) રેલ્વેના કર્મચારીઓને અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર આજે એનાયત કરાશે

4) અમેરિકાએ 66 આંતરરાષ્ટ્રીય સંગઠનો અને સંધિઓ માંથી ખસી જવાના કરાર પર હસ્તાક્ષર કર્યા

5) ક્રિકેટમાં, મહિલા પ્રીમિયર લીગનો આજથી પ્રારંભ થશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

## YOUNG INDIA

વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ 2026ની બીજી આવૃત્તિ આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે શરૂ થશે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની હાજરીમાં આજે ઔપચારિક ઉદ્ઘાટન સમારોહ યોજાશે.

4 દિવસીય કાર્યક્રમમાં દેશ અને વિદેશના 2 હજાર 500 થી વધુ યુવાનો ભાગ લેશે. ISRO અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન સુભાંશુ શુક્લા અને ગ્રુપ કેપ્ટન પ્રશાંત નાયર સહભાગીઓ સાથે વાર્તાલાપ કરશે, જ્યારે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર ચર્ચા સત્રમાં ભાગ લેશે.

આ સંવાદમાં પુલેલા ગોપીચંદ, લિએન્ડર પેસ, પલ્કી શર્મા, કૈવલ્યા વોહરા, શિબાબ્રત દાસ અને આનંદ કુમાર સહિત પદ્મ પુરસ્કાર વિજેતાઓ અને યુવા સાંસદો અને ધારાસભ્યો સહિત જેતે  ક્ષેત્રના નિષ્ણાતો પણ ભાગ લેશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 12મી જાન્યુઆરીએ સમાપન સમારોહમાં હાજરી આપશે.

## AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે આતંકવાદી માળખા અને આતંકવાદી ભંડોળને લક્ષ્ય બનાવતી આતંકવાદ વિરોધી કાર્યવાહી મિશન મોડમાં ચાલુ રાખવી જોઈએ.

જમ્મુ અને કાશ્મીર પર ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠકમાં શ્રી શાહે ભારપૂર્વક જણાવ્યું કે જમ્મુ અને કાશ્મીરને શક્ય તેટલી વહેલી તકે આતંકવાદ મુક્ત કરવાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તમામ સંસાધન અને સહકાર કેન્દ્ર

સરકાર પૂરી પાડશે આ સાથે આતંકવાદ અંગે કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતા દોહરવી હતી.

શ્રી શાહે તમામ સુરક્ષા એજન્સીઓને સતર્ક રહેવા અને કલમ 370 રદ કર્યા પછી મળતા અનેક સુવિધા અને લાભને લોકો સુધી પહોંચાડવા માટે સુમેળ સાથે કામ કરવાનો નિર્દેશ આપ્યો.

શ્રી શાહે કહ્યું કે મોદી સરકારના સતત અને સંકલિત પ્રયાસોને કારણે, જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી ઇકો-સિસ્ટમ ખોરવાઈ ગઈ છે.

## RAIL SERVICE AWARD

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે નવી દિલ્હીમાં ૧૦૦ રેલ્વે અધિકારીઓને ૭૦મો અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર ૨૦૨૫ એનાયત કરશે અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રેલ્વે ઝોનના ૨૬ કર્મચારીઓને પુરસ્કાર આપશે.

ભારતીય રેલ્વેમાં અનુકરણીય સેવા અને ઉત્કૃષ્ટ યોગદાનને માન્યતા આપવા માટે આ પ્રતિષ્ઠિત પુરસ્કારો આપવામાં આવી રહ્યા છે. રેલ્વે મંત્રાલયે જણાવ્યું કે મહાકુંભ જેવા મોટા પાયે કાર્યક્રમો દરમિયાન સલામત અને સરળ રેલ્વે કામગીરી સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા કર્મચારીઓને ૨૬ શિલ્ડ એનાયત કરવામાં આવશે.

# SOMNATH SWABHIMAN PARV

પ્રથમ જ્યોતિર્લિંગ પર ચાલી રહેલુ "સોમનાથ સ્વાભિમાન પર્વ", શ્રદ્ધાના હજાર વર્ષના ઇતિહાસની ભવ્ય ઉજવણી છે.

આ ઉત્સવનું કેન્દ્ર મહાન શહીદ હમીરજી ગોહિલનો વારસો છે, જેમનું મંદિરના રક્ષણમાં સર્વોચ્ચ બલિદાન ભારતની રાષ્ટ્રીય ઓળખનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

**V/C- APARNA KHUNT**

# KHANIJ SHIBIR

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી આજે ગુજરાતનાં ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રીય ખનિજ ચિંતન શિબિર-2026નું ઉદ્ઘાટન કરશે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ; શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા; મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ; કોલસા અને ખાણ રાજ્ય મંત્રી સતીશ ચંદ્ર દુબે ઉપસ્થિત રહેશે.

આ ત્રણ દિવસીય શિબિરમાં વિવિધ રાજ્યોના ખાણકામ મંત્રી, કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ, નિષ્ણાતો અને ઉદ્યોગ હિસ્સેદારો ભાગ લેશે.

આ શિબિર-2026નું સમર્પિત ધ્યાન ખનીજ તત્વ મિશન પર રહેશે, જેનો ઉદ્દેશ સ્વચ્છ ઉર્જા સંક્રમણ, અદ્યતન ઉત્પાદન અને ઉભરતી ટેકનોલોજી માટે જરૂરી

મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનિજોની સ્થાનિક ઉપલબ્ધતાને મજબૂત બનાવવાનો છે.

ચર્ચાઓમાં સંશોધન પ્રયાસો વધારવા, પુરવઠા શૃંખલાઓને સુરક્ષિત કરવા, સ્થાનિક પ્રક્રિયા અને મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપવા અને લાંબા ગાળાની ખનિજ સુરક્ષાને ટેકો આપવા માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સંકલન સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

# AI JITENDRASINH

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે નવી દિલ્હીમાં ક્ષમતા નિર્માણ માટે AI: શાસન પરિવર્તન પર એક વર્કશોપને સંબોધતા, મંત્રીએ ભાર મૂક્યો કે, કૃત્રિમ બુદ્ધિમત્તાને એક શક્તિશાળી માધ્યમ તરીકે જોવી જોઈએ, પોતાનામાં એક હેતુ તરીકે નહીં, અને હંમેશા માનવ નિર્ણય અને જવાબદારી દ્વારા સંચાલિત થવી જોઈએ.

## બાઇટ- જિતેન્દ્ર સિહ

તેમણે જણાવ્યું કે, AI અને માનવ બુદ્ધિમત્તાનું સંયોજન કરતું હાઇબ્રિડ મોડેલ ભવિષ્ય માટે તૈયાર, પ્રતિભાવશીલ અને અસરકારક જાહેર વહીવટ બનાવવા માટે મહત્વપૂર્ણ રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## UN

**UN સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે UNના અનેક સંસ્થાઓમાંથી ખસી જવાના અમેરિકન નિર્ણય પર દુ:ખ વ્યક્ત કર્યું છે.**

**UN સેક્રેટરી-જનરલના પ્રવક્તા, સ્ટીફન ડુજારિકે ભાર મૂક્યો હતો કે સભ્ય દેશો UN ચાર્ટર હેઠળ યુ.એન બજેટને ભંડોળ આપવા માટે કાયદેસર રીતે બંધાયેલા છે. તેમણે કહ્યું કે UN સંસ્થાઓ સભ્ય દેશો દ્વારા આપવામાં આવેલા તેમના આદેશોનું "દૃઢતા સાથે" અમલીકરણ ચાલુ રાખશે.**

**અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન રાષ્ટ્રીય હિતને ધ્યાને રાખીને 31 UN સંસ્થાઓ સહિત 66 આંતરરાષ્ટ્રીય સંગઠનો અને સંધિઓમાંથી ખસી જવાનો નિર્દેશ આપતા રાષ્ટ્રપતિ મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કર્યા છે.**

UNના મુખ્ય સંગઠનો જેમાંથી અમેરિકા પાછું ખેંચી ગયું છે તેમાં આર્થિક અને સામાજિક બાબતોનો વિભાગ, આંતરરાષ્ટ્રીય કાયદા આયોગ, આંતરરાષ્ટ્રીય વેપાર કેન્દ્ર, શાંતિ નિર્માણ આયોગ, ઊર્જા, વસ્તી ભંડોળ અને પીવાના પાણીનો સમાવેશ થાય છે.

## NITIN GADKARI

માર્ગ અકસ્માતના ભોગ બનેલા લોકો માટે કેશલેસ તબીબી સારવાર યોજના ટૂંક જ સમયમાં શરૂ કરાશે.

શ્રી ગડકરી નવી દિલ્હીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરિવહન મંત્રીઓ અને પરિવહન વિકાસ પરિષદની 43મી બેઠકની બાદ પત્રકાર પરિષદને સંબોધતા આ વાત કહી.

## બાઇટ -નીતિન ગડકરી

આ યોજનાનો પાયલોટ પ્રોજેક્ટ તાજેતરમાં ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ અને ચંદીગઢ સહિત વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો છે.

# WPL - CRICKET

ક્રિકેટમાં, મહિલા પ્રીમિયર લીગ - WPL 2026 ની ચોથી સીઝન આજથી શરૂ થશે

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) નવી મુંબઈમાં ડૉ. ડીવાય પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે પહેલી મેચમાં મુંબઈ ઇન્ડિયન્સ (MI) સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

# BADMINTON

બેડમિન્ટનમાં, શટલર પીવી સિંધુ આજે કુઆલાલંપુરમાં મલેશિયા ઓપનના ક્વાર્ટર ફાઇનલમાં રમશે

સિંધુ ત્રીજા ક્રમાંકિત જાપાનીઝ અકાને યામાગુચી સામે ટકરાશે. ગઈકાલે, સિંધુએ જાપાનની ટોમોકો મિયાઝાકીને 21-8, 21-13થી હરાવી હતી.

પુરુષ ડબલ્સમાં, સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ટોચની ભારતીય જોડી આજે ક્વાર્ટર ફાઇનલમાં ઇન્ડોનેશિયન જોડી એમ એસ ફિકરી અને એફ આલ્ફિયાન સામે ટકરાશે.

લક્ષ્ય સેન અને આયુષ શેટ્ટી પુરુષોની સિંગલ્સ શ્રેણીમાં પોતપોતાના પ્રી-ક્વાર્ટર ફાઇનલ મેચ હારી ગયા બાદ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- અમેરિકાએ 500 ટકા ટેરિફ આપેલી ચીમકીના સમાચારને તમામ અખબારોએ હેડ લાઈન બનાવી છે
- ગુજરાત સમાચાર લખે છે ટ્રમ્પનું અલ્ટીમેટમ ભારત પર 500 ટકા ટેરિફ
- દિવ્ય ભાસ્કરની હેડ-લાઈન છે ભારત પર હવે 500 ટકા ટેરિફ જિંકિ  શકે છે: ટ્રમ્પ
- નવગુજરાત સમયની હેડલાઈન છે અમેરિકા ભારત સહિતના બ્રિક્સ દેશો પર 500 ટકાનો ટેરીફ બોમ્બ ઝીકશે
- સંદેશ લખે છે ટ્રમ્પે ભારત પર 500 ટકા ટેરીફ લાદવાની ચીમકી ઉચ્ચારી
- આ સાથે અન્ય હેડ લાઈનમાં દરોડામાં ડ્રામા ઇડીનો દાવો મમતા બેનર્જી કૌભાંડના પુરાવા લઈ ગયા જમ્મુ કાશ્મીરમાં દાલ સરોવર સહિતના જળાશયો થીજી ગયા જેવા સમાચારોને સ્થાન અપાયું છે